જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૯/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૭૭૩/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૦૯/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૭૭	૦	૧૧૬૭૭	૧૭૭૮૮	૦	૧૭૭૮૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૨	૦	૧૧૨	૩૮૪	૦	૩૮૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૧૮૪૨	૬૧	૭૧૯૦૩	૭૨૮૫૩	૬૨	૭૨૯૧૫
કુલ		૮૮૩૬૪	૬૧	૮૮૪૨૫	૯૭૩૦૭	૬૨	૯૭૩૬૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૫	૪,૫૩,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૮૦	૬,૮૦,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૭૭૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી, ૫૩ વ્યક્તિઓને ઝડપી, ૨૨૨ લીટર દેશી દારૂ અને ૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૨ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૩૩,૩૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૭૭૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૭૭૬/૨૦૨૧**

અમરાઇવાડીઃ બિરધીભાઇ રતનચન્દ્ર જૈન (રહે.શિવાનંદનગર સત્યમનગર શાક માર્કેટ પાસે અમરાઇવાડી) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૯/૨૦૨૧ રાતના ૧૧/૦૦ થી સવારના ૪/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એમ.બારોટ ચલાવે છે.

કાગડાપીઠઃ હેતુલભાઇ પંકજભાઇ વ્યાસ (રહે. બી-૧/ડી-૩૭ વિમાનુ દવાખાનુ ગોરધનવાડી ટેકરા કાંકરીયા) એ સને ૨૦૨૦ દિવાળીના તહેવારમાં સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૬૭,૦૦૦/- મતાની પુજા કરી ઘરની તિજોરીમાં મુક્યા હતા. તા.૨૭/૦૯/૨૦૨૧ ના રોજ તિજોરી ખોલી પુજા કરી તિજોરીમાં મુકેલ સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રૂપિયા તિજોરીમાં જોતા સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા તિજોરીમાંથી ચોરાઈ ગયા હતા. આ અંગેની ફરીયાદ હેતુલભાઈ વ્યાસે તા.૨૮/૦૯/૨૦૨૧ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એલ.વાઘેલા ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૭૭૭/૨૦૨૧**

ઈસનપુરઃ ઉમેશભાઇ પ્રભુદાસ સુરોટિયા (ઉ.વ.૬૬) (રહે. ઇન્દ્રપ્રસ્થ-૨ શ્રેયસ ટેકરા આંબાવાડી) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૯/૨૦૨૧ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે ઇસનપુર ચાર રસ્તા પાસે ચામુંડા ફર્નીચર નજીકથી પોતાની કારમાં બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે ગાડીમાંથી બળવાની વાસ આવતા ગાડી ઉભી રખાવી ગાડીના ડ્રાયવર અને ઉમેશભાઈ સુરોટિયા ગાડીમાંથી નીચે ઉતરી ચેક કરતા હતા ત્યારે અજાણી વ્યક્તિ ગાડીમાંથી બેગની ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં જરૂરી કાગળો તેમજ અગત્યના દસ્તાવેજ અને રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.પરમાર ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૭૭૮/૨૦૨૧**

નારોલઃ લાંભા ગામ ઇન્દીરાનગર વિભાગ-૨ એ.એમ.સી.ની પાણીની ટાંકી નજીક રહેતા નિતેશકુમાર સ/ઓ પાસપત રામબ્રીજ પંડીત (ઉ.વ.૧૯) (મુળ વતન.ગામ-મીરપુર તા.ચીરૈયા જી.પુર્વી ચંપારણ બિહાર) દેવરાજ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક પ્લોટ નં-૫૪ નયોન એક્સપોર્ટ કંપની ખાતે સિલાઇનુ કામ કરતા હતા. જેઓ તા.૨૭/૦૯/૨૦૨૧ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે લીફ્ટથી નીચે આવતા લીફ્ટમા ડાબો હાથ આવી જતા કપાઇ જતા ઇજા થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૦૯/૨૦૨૧ કલાક ૫/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૭૭૯/૨૦૨૧**

વાડજઃ મગનભાઇ ભાણાભાઇ સોલંકી (ઉ.વ.૬૪) (રહે.પરીક્ષીતનગરની બાજુમાં કાચા છાપરામાં ચન્દ્રભાગાબ્રિજ પાસે જુનાવાડજ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૯/૨૦૨૧ સવારના ૧૧/૩૦ થી બપોરના ૧/૨૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.સોનારા ચલાવે છે.

શાહપુરઃ કૈલાશ માધાલાલ ચૌહાણ (ઉ.વ.૨૬) (રહે. જોગણીમાતાની ચાલી બાજુમાં ડબાવાળી ચાલી શંકરભુવનના છાપરાં શાહપુર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૯/૨૦૨૧ રાતના ૧૦/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના મોભ સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી.સોલંકી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.